ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાન
<u>સહાય ચૂકવવા બાબત.</u>

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦૦૩-૧૩૦૩-હ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨-૭-૨૦૦૭

**વંચાણે લીધા:-**

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨-૨-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૯૯-૭૬૯-હ
(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯-૮-૨૦૦૧ નો ઠરાવ ક્રમાંક: અબડ-૧૦૨૦૦૦-૪૬૪-હ
(૩) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૫-૫-૨૦૦૩ નો પત્ર ક્રમાંક: અજાક-મ-હાઉસીંગ/૨૦૦૩-૩૦૪૦
(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮-૧-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: સશપ-૧૪૯૭-ન.બા.-૧-અ
(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૭-૫-૨૦૦૪ નો ઠરાવ ક્રમાંક: અબડ/૧૦૨૨૦૩/૧૩૦૩/હ
(૬) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાની તા.૧૨/૧/૨૦૦૫ ની દરખાસ્ત
(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૮-૬-૨૦૦૫ નો સમાંન ક્રમાંકનો ઠરાવ
(૮) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા. ૭.૨.૦૭ નો પત્રક્રમાંક: અજાક/મ/૩/૨૦૦૭/૩૧૫૪ તથા તા.૯.૪.૦૭ નો પત્રક્રમાંક: અજાક/મ/૩/૨૦૦૭/૫૯૬૪.

**ઠ રા વ**

ડો.આંબેડકર આવાસ યોજના સંદર્ભ (૧) માં દર્શાવેલ વિભાગના તા.૨૨-૨-૨૦૦૦ ના ઠરાવથી અમલમાં મૂકવામાં આવેલી છે. ત્યારબાદ તેમાં જુદાજુદા ઠરાવોથી વખતોવખત સુધારા કરવામાં આવેલા છે. આ પ્રકારના સંદર્ભ (૭) માં દર્શાવેલ તા.૮-૬-૦૫ ના સુધારાથી જે જોગવાઇઓ હાલ અમલમાં છે, તે પૈકીની કેટલીક જોગવાઇઓમાં

- - - - ૨- -

સુધારો કરવા. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા. ૭.૨.૦૭ ના પત્રથી થયેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે, વિભાગના તા.૮-૬-૦૫ ના ઠરાવમાં હાલની જોગવાઈમાં અંશતઃ ફેરફાર કરી નીચે દર્શાવેલ શરતોમાં સુધારો બહાર પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) <u>ક્રમાંકઃ૩ પાત્રતાની શરતો</u>

ક્રમાંક-૩ (૧૪) માં હાલની જોગવાઈ અનુસાર અરજદાર લાભાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષ અને મહત્તમ ૫૦ વર્ષની છે, જેમાં મહત્તમ ઉંમરની શરત રદ કરી નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ક્રમાંક-૩(૧૪) અરજદાર લાભાર્થીની ઉંમર ઓછામાં ઓછી ૨૧ વર્ષની રહેશે.

(૨) <u>ક્રમાંકઃ૪ સહાયનું ચૂકવણું</u>

ક્રમાંક-૪ (૩) માં હાલની જોગવાઈ મુજબ આ યોજના હેઠળ મકાન સહાયની રકમ રૂ.૪૦,૦૦૦/- ચૂકવવામાં આવશે જેમાં સહાય ચૂકવવાના ધોરણોમાં ત્રણ તબકકામાં ( ૨૫ ટકા, ૫૦ ટકા અને ૨૫ ટકા)ચૂકવવાનું ધોરણ છે, તેના બદલે બે તબકકામાં નીચે મુજબ ચૂકવવાનું ઠરાવવામાં આવે છે.

(અ) પ્રથમ હપ્તો અરજી મંજુર કરતી વખતે ૫૦ ટકા લેખે ચૂકવવાનો રહેશે.

(બ) બીજો હપ્તો લીંટલ લેવલનું સમાજ કલ્યાણ નિરીક્ષકનું બાંધકામ પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર રજુ કર્યેથી ૫૦ ટકા સહાય ચૂકવવાની રહેશે.

(૩) ક્રમાંકઃ૪(૭) માં હાલની જોગવાઈ મુજબ અરજદારે બાંહેધરી આપવાની રહેશે કે "તેણે વિભાગની આ યોજના હેઠળ અથવા અન્ય વિભાગ હસ્તકની ગૃહનિર્માણ યોજના હેઠળ મકાન સહાય યોજનાનો લાભ લીધેલ નથી." તેના બદલે હવે, અરજદારે બાંહેધરી આપવાની રહેશે કે "છેલ્લા ૨૦ વર્ષમાં વિભાગની આ યોજના હેઠળ કે અન્ય વિભાગની યોજના હેઠળ મકાન સહાય યોજનાનો લાભ લીધેલ નથી. કુદરતી આફતોમાં મળતી કેશડોલ્સ કે મરામત સહાયનો તેમાં સમાવેશ થશે નહીં. પરંતુ જે ઇસમોએ અગાઉ કોઇ યોજના હેઠળ (ગૃહનિર્માણ) લાભ લીધો ન હોય તેવા ઇસમોને પ્રથમ પસંદગી આપવાની રહેશે."

૨. ઠરાવની અન્ય શરતો તા.૮-૬-૦૫ ના ઠરાવ મુજબ યથાવત્ રહે છે.

- - - 3- -

૩. આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી તથા નાણા વિભાગની તા.૧૨-૬-૦૭ ના રોજ મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

**( શ્રીમતી એસ.આર.ભુરીયા )**
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના અન્ય સર્વે વિભાગો.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર તરફ આ યોજનાના અમલીકરણ તથા મોનીટરીંગ માટે સંબંધકર્તાઓને જરૂરી સૂચનાઓ તથા માર્ગદર્શન પુરૂ પાડવાની વિનંતી સહ.
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, આદિજાતિ કલ્યાણ, ગાંધીનગર.
સર્વે જિ.પ.વ.ક.અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ / ગાંધીનગર.